આટલી ઉંમરે ગિરિરાજની સ્પર્શના મુશ્કેલ અને તીર્થભૂમિની નિરર્થક અશાતના થાય, એ માટે ઈન્કાર કર્યો. આટલી વયોવૃદ્ધ અવસ્થાએ આટલી જાગૃતિ સૌ કોઈ ને નમન કરવા પ્રેરે તેવી છે. સમય સાચવવામાં પણ પૂ. બાપજી મહારાજ પૂરા ખબરદાર હતા. નક્કી સમયે નિર્ણીત કામ કરાવવાના આગ્રહી હતા. આત્મસાધકને કાળક્ષેપ કેમ પરવડે? એમ, પૂજ્યશ્રીના ચારિત્રમાંથી અગણિત ગુણરાશિને અપનાવવાનો પ્રયત્ન કરવામાં જ એમના પ્રત્યેનું સાચું તર્પણ છે! તેઓશ્રીની દીક્ષા પછી પાંચેક વર્ષે તેઓશ્રીના પત્ની, સાસુ અને સાળાએ દીક્ષા લીધી હતી. પત્ની ચંદનબહેનનું નામ સાધ્વીશ્રી ચંદનશ્રીજી મહારાજ હતું, તેમનો પણ આજે ૩૦૦ સાધ્વી પરિવાર વિચરે છે. એવા કીર્તિની કામનાથી મુક્ત તપોવૃદ્ધ પૂ. બાપજી મહારાજના મહાન આત્માને વારંવાર ભાવપૂર્વક વંદના!

(સંકલન : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ, અમદાવાદ.)

## જિનશાસન પ્રત્યે પ્રેમાદર ધરાવનાર ચિરસ્મરણીય મહાપુરુષ

# પૂ. આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજ

ગુજરાતમાં સુરત પાસે રાંદેર નામે શહેર છે, તેમાં શ્રી વીશા શ્રીમાળી જ્ઞાતિને વિશે સદ્ધર્માનુરાગી, સુસંસ્કારી શ્રી જયચંદ નામે શ્રેષ્ઠિ સદ્ગુણોથી શોભતાં ધર્મપત્ની જમનાબેન સાથે રહેતા હતા. તેમને ત્યાં સં. ૧૯૩૨ના મહા સુદ ૮ને દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. માતાપિતાને ખૂબ આનંદ થયો. બાળકનું નામ મૂલચંદ પાડ્યું. મૂલચંદ બાળપણથી જ મહાન ગુણોને ધારણ કરનાર બન્યા. યોગ્ય વયે તેમને નિશાળે બેસાડ્યા. તીવ્ર બુદ્ધિવાળા મૂલચંદ ટૂંક મુદતમાં ટ્રેનિંગ કૉલેજમાં પાસ થયા પરંતુ સદ્ગુરુદેવના બોધવચનથી તેઓ વૈરાગ્યવાન થયા અને માતાપિતા આદિ કુટુંબીજનોની સહર્ષ અનુમતિ મેળવી સં. ૧૯૫૮ના કારતક વદ ૯ના દિવસે હર્ષોલ્લાસપૂર્વક કરજણ મુકામે શ્રી તપાગચ્છનાયક સંઘ સ્થવિર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ પાસે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી અને શ્રી મેઘવિજયજી નામે ઘોષિત થયા. થોડા સમય બાદ છાણી ગામે પૂ. ગુરુદેવશ્રીને હસ્તક વડી દીક્ષા થઈ. પૂ. ગુરુદેવશ્રી પાસે અભ્યાસ કરતાં ટૂંક સમયમાં કાવ્ય, વ્યાકરણ, ન્યાયશાસ્ત્ર આદિનો ગહન અભ્યાસ કરી લીધો. ત્યાર પછી યોગવહનની ક્રિયા કરીને શ્રી જિનાગમ ગ્રહણ કરવામાં ઉદ્યમવંત થયા. અને અહોનિશ શાસનસેવા બજાવવામાં તત્પર બન્યા. તેઓશ્રીની દેશનામૃત એવી હતી કે જાણે કે તેમાં સાક્ષાત્ સરસ્વતી બિરાજતાં! વિનયવંત એવા પૂજ્યશ્રીના શિષ્ય શ્રી મનોહરવિજયજી આદિ તેઓશ્રીની સેવામાં અવિરત વિચરતા રહેતા. જિનાગમનો ઊંડો અભ્યાસ કરેલા એવા તેઓશ્રીને પૂ. દાદાજી શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજે સ્વહસ્તે સં. ૧૯૬૯માં કારતક વદ ૯ને દિવસે છાણી ગામે ગણિ–પંન્યાસ, બંને પદ સાથે આપ્યાં. ધૈર્ય, ગાંભીર્ય, ઔદાર્ય, બહુશ્રુતતા, સરળતા, ધર્મોપદેશકતા, શાસ્ત્રનિપુણતા આદિ અનેક સદ્ગુણોથી શોભતા પૂજ્યશ્રી અનેક પ્રદેશોમાં વિચર્યા. શ્રીસંઘે ભારે ઉત્સાહ અને ઉમંગથી પ. પૂ. સંઘસ્થવિર

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરિજી મહારાજને પૂ. પં. શ્રી મેઘવિજયજી ગણિવર્યને આચાર્ય-પદવી અર્પવા વિનંતિ કરી. અનેક લબ્ધિવંત પૂ. બાપજી મહારાજે શ્રીસંઘની વિનંતિનો સ્વીકાર કર્યો, અને સં. ૧૯૮૧માં માગશર સુદ પાંચમને શુભ દિને શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ, મહોત્સવસહિત, અમદાવાદ–દોશીવાડાની પોળ સ્થિત જૈન વિદ્યાશાળામાં સૂરિપદ આરોપણ કર્યું.

પૂ. આચાર્યદેવ શ્રી વિજયમેઘસૂરિજી મહારાજ અથાગ પરિશ્રમ ઉઠાવીને મન, વચન, કાયાથી શાસનની સેવા બજાવી રહ્યા હતા. પરંતુ એકાએક અસ્વસ્થ થતાં, રાજનગરમાં સં. ૧૯૯૯ના આસો સુદ ૧ને દિવસે, શ્રીસંઘ સમક્ષ, વિશાળ શિષ્ય–પ્રશિષ્યાદિની ઉપસ્થિતિ વચ્ચે, શુભધ્યાનારૂઢ થતાં થતાં, ૬૭ વર્ષની વયે પરલોકવાસી વાસી થયા. શાસનના આ મહાન અને માનવંતા સૂરિવરને અનંતાનંત વંદન હો!

---

### ચહેરા પર નિરંતર વહી રહેલી પ્રશાંતવાહિતા; નવકારવાળી અને આંગળીઓના નર્તન દ્વારા પ્રકટ થઈ રહેલી જપલીનતા; નિરવધિ હાર્દિક ઉદારતાના ત્રણે ગુણોના સુભગ સમન્વય રૂપ યુગમહર્ષિ; ભદ્રપરિણામી–દીર્ઘસંયમી–આત્મસાધનાનિષ્ઠ

## પૂ. આચાર્યશ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. દાદાજી શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજે શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યો કર્યાં હતાં. તેઓશ્રીનું જીવન આત્મજ્ઞાનના પ્રસાર માટે અપ્રતિબદ્ધ વહ્યું છે. પૂજ્યશ્રીના પરિવારમાં પૂ. આ. શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી વિજયભદ્રસૂરિજી મહારાજ, પૂ. આ. શ્રી વિજયૐકારસૂરિજી મહારાજ આદિ અનેક શાસનપ્રભાવક શ્રમણભગવંતો થયા છે. તેમાં પૂ. આ. શ્રી વિજયભદ્રસૂરિજી મહારાજ દાદાજીના પ્રશિષ્ય થાય અને પૂ. શ્રી વિનયવિજયજી મહારાજના શિષ્ય થાય. તેમનો જન્મ સં. ૧૯૩૦માં વૈશાખ સુદ ૬ને દિવસે રાધનપુરમાં થયો હતો. તેમનું સંસારી નામ ભોગીલાલ હતું. ભોગીલાલ ત્રણ ધોરણ સુધી અભ્યાસ કરીને સં. ૧૯૪૨માં દુકાને બેઠા. પૂર્વ ભવના પુણ્યબળે ધર્મના સંસ્કારો એવા પ્રબળ કે પૂ. મુનિરાજોની પધરામણી થાય ત્યારે દુકાન ભૂલી જાય. અભ્યાસ કરતાં કરતાં પંચપ્રતિક્રમણ, નવ સ્મરણ–પ્રકરણો અને સંસ્કૃતના ૧૮ પાઠ સુધી પહોંચી ગયા હતા. માતા સૂરજબેન પણ ધર્મનિષ્ઠ હતાં. માતા-પિતાએ મોહવશ ભોગીલાલના લગ્ન કરાવ્યા. સં. ૧૯૫૨માં પૂ. દાદાજીના શિષ્ય પૂ. વિનય-વિજયજી મહારાજનું રાધનપુરમાં ચાતુર્માસ થયું. ભોગીલાલ આમાં રંગાઈ ગયા. ભક્તિ–ભાવના માટે જૈન નૃત્ય–ગાયનની મંડળીની સ્થાપના કરી, જે આજેય ચાલે છે. દીક્ષાની ભાવના ઉત્કટ બની. ઘઉં, ચોખા અને ઘીની બનેલી કોઈ વસ્તુ દીક્ષા ન લેવાય ત્યાં સુધી ન વાપરવી એવો અભિગ્રહ કર્યો. ભોગીલાલે તેમનાં ધર્મપત્નીને પણ પ્રતિબોધીને દીક્ષા માટે તૈયાર કર્યાં. સં. ૧૯૫૮ના વૈશાખ સુદ ૧૫ના શુભ દિવસે રજવાડા જેવા ઠાઠમાઠ સહિત આ યુગલનો દીક્ષા–

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org